# સફળ વાર્તા

**વિષયલક્ષી ક્ષેત્ર :**
**આંબાવાડિયામાં આંતરપાક ધ્વારા વધુ નફો**
**શ્રી રમણભાઈ હિંમતભાઈ પટેલ**
**ગામ : ટીબી, તા. ડભોઈ, જિ. વડોદરા**
**મો.નં. ૯૮૨૫૯૧૧૨૩૨**



## વિગત

**ઉંમર** : ૬૪વર્ષ

**શિક્ષણ** : એસ.વાય બી કોમ

**જમીન** : ૦૮ એકર

**ખેતીનો અનુભવ :** ૩૫ વર્ષ

**પાકની વિગત** : ડાંગર, ઘઉં, મગ

**પશુધન** : ગાય– ભેંસ, બળદ

**સામાજિક ઓળખ** : પ્રગતિશીલ ખેડૂત તેમજ કૃષિના ઋષિ(કૃષિ મહોત્સવ –૨૦૧૪)

## નવા અભિગમની વિગત

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ટીબી ગામના શ્રી રમણભાઈ હિંમતભાઈ પટેલ વર્ષોથી તેમના વિસ્તારને અનુરૂપ પરંપરાગત ડાંગર–ઘઉ પાક પધ્ધતિથી ડાંગર અને ઘઉની ખેતી કરતા હતા. ટીબી વિસ્તારમાં કેનાલની સિંચાઈથી ખેતી થતી હોવાથી ડાંગર–ઘઉ પાક પધ્ધતિ સર્વત્ર જોવા મળે છે. તેમજ આ પાક પધ્ધતિમાં આર્થિક વળતર ઘણું ઓછું મળે છે.

નિદાન સેવાની વિઝીટ દરમ્યાન તેમની મુલાકાત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો સાથે થતા તેમણે પોતાની ખેતી અને એની ઓછી આવક અંગે વૈજ્ઞાનિકો સાથે ચર્ચા કરી. કેવીકેના તજજ્ઞોએ તેમને આંબાનું વાવેતર કરવાની સલાહ આપી જેથી લાંબાગાળા સુધી સ્થાયી આવક મેળવી શકાય તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ તેમને એક હેકટર વિસ્તારમાં આંબાની જુદી જુદી જાતોનું વાવેતર કર્યુ. આંબાવાડિયું વિકસિત થયા બાદ પણ શરૂઆતની આવક ઘણી ઓછી હતી તેથી કેવીકે મારફત તેમને આંતર પાક કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તે અનુસંધાને તેમણે નીચે કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણેના આંતર પાકોનું વાવેતર શરૂ કર્યુ અને કેરીની આવક સિવાય વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૧ દરમ્યાન અનુક્રમે ૩૪૯૦૦, ૪૭૦૦૦ અને ૫૩૫૦૦ જેટલી વધારાની આવક મેળવી. નફાનું ધોરણ વધારી શકયા.

## નવા અભિગમની ઉપયોગિતા :–

બહુવર્ષાયું બાગાયતી ફળપાક શરૂઆતમાં ઓછી અથવા તો નહિવત આવક આપતા હોવાથી મુખ્ય પાકની બે હાર વચ્ચેની ખુલ્લી જગ્યામાં વિસ્તારને અનુકુળ સીઝનલ પાક લેવાથી વધારાની આવક મેળવી શકાય છે. તેમજ ફાજલ પડેલી જમીનનો મુખ્ય પાકની આવક શરૂ થતા સુધી કાર્યક્ષમ ઉપયોગ કરી વધારાની આવક તેમજ જમીનની સુધારણી કરી શકાય છે.

| વર્ષ | આંબાવાડિયાની આવક | આંતરપાકની આવક | | | કુલ આવક |
|---|---|---|---|---|---|
| | | ચોમાસુ | શિયાળુ | ઉનાળુ | |
| ૨૦૦૮–૦૯ | ૪૩,૭૫૦ | – | રજકો (લીલો ઘાસ – બિયારણ) (૩૪૯૦૦) | | ૭૮૬૫૦/– |
| ૨૦૦૯–૧૦ | ૪૬,૨૦૦ | – | ઘઉ (૨૮૦૦૦) | મગ (૧૯૦૦૦) | ૯૩૨૦૦/– |
| ૨૦૧૦–૧૧ | ૬૨૦૦૦ | કારેલા (૫૩૫૦૦) | – | – | ૧૧૫૫૦૦/– |
| ૨૦૧૧–૧૨ | ૧,૨૫,૦૦૦ | – | – | – | ૧,૨૫,૦૦૦/– |



